પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦ કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક G/CP/વિ.શા./મજુર/ ૩૬૨૫/૨૦૨૦, વડોદરા તારીખ ૧૧ /૦૮/૨૦૨૦

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-

ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી-જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ ધ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુ-બાજુની સ્થાનિક પરીસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું આર.બી.બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમ નાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનિક પોલીસ સ્ટેશનને દિન-૦૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જયારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર / મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ સરનામું મો.નં. નંબર સહિત | :- | |
| ૨ | મજુરનું નામ તથા ઉ.વ. | :- | |
| ૩ | મજુરનું હાલનું સરનામું ટેલીફોન નંબર | :- | |
| ૪ | મજુરનું મુળવતનનું સરનામું ગામ તાલુકો જીલ્લો | :- | |
| ૫ | હાલની મજુરીનું સ્થળ કંપનીનું નામ | :- | |
| ૬ | મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | :- | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ સરનામું ટેલીફોન નંબર | :- | |
| ૮ | મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત | :- | |
| ૯ | કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ? | :- | |
| ૧૦ | મજુરનું ઓળખ માટેનું I.D. પુફ (ફોટા સાથેનું) | :- | |
| ૧૧ | વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે? અને કઈ તારીખે જવાનો છે? | :- | |
| ૧૨ | વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું | :- | |

મજુરનો તાજેતરોનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન ..............................................

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી..........................................

નામ,.......................................................................

આ હુકમ તારીખ ૧૪/૦૮/૨૦૨૦ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૧૨/૧૦/૨૦૨૦ ના કલાક ૨૪:૦૦ સુધી દિન ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સંયુકત પોલીસ કમિશ્નરથી પોલીસ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો.કલમ.૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, આથી એકતરફી હુકમ કરૂ છું જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બાર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખઃ-૧૧ માહે - ઓગષ્ટ - ૨૦૨૦ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદ રા.
(૬) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૦) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૨) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૩) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૫) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૬) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૭) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૮) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૦) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.